## શોધ-નિબંધનો સંક્ષેપ

મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયના ગુજરાતીના પ્રાધ્યાપક ડો. સિતાંશુ યશશ્ચંદ્રના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલા "૧૯૫૦ પછીની ગુજરાતી અને હિન્દી ટૂંકી વાર્તાઓનો તુલનાત્મક અભ્યાસ" નામના આ શોધ-નિબંધમાં ત્રણ પ્રકરણ ઉપરાંત ઉપસંહારની યોજના કરવામાં આવી છે. આ પ્રકરણોનો સાર નીચે પ્રમાણે છે:

### પ્રકરણ - ૧

કથનકલાની ભૂમિકાના આ પ્રકરણમાં કથાસાહિત્ય અને તેના વ્યાપ વિશે વિચારતાં પાયાનો પ્રશ્ન કથનકલા એટલે શું? તેની ચર્ચા કરવામાં આવી છે. માનવી જીવનમાં સંઘર્ષો વિવિધ છે: (૧) પોતાના પરિવેશનો સંઘર્ષ, (૨) પોતાની જાત સાથેનો સંઘર્ષ, અને (૩) આવો જ બાહ્ય - આત્મ સંઘર્ષ અનુભવતા બીજા માનવી સાથેનો સંઘર્ષ. આવા સંઘર્ષોની મથામણ, મથામણને સંવેદનશીલ લેખક વધુ તીવ્રતાથી અનુભવી "કથા" રૂપે આપણી સમક્ષ મૂકે છે. માનવીની આ મથામણ જ તેની બ્રહ્મ-જિજ્ઞાસા છે. કથનકલાને સમજવા માટે ભારતીય અને પાશ્ચાત્ય બંને પરંપરાઓને સંજ્ઞા સ્વરૂપ અને સંદર્ભની દૃષ્ટિએ તપાસી, સંજ્ઞામૂલક વિચાર કરતી વખતે પ્રાચીન તેમ જ મધ્યકાલીન ભારતીય સાહિત્યમાં "વાર્તા" માટે કથા શબ્દ પ્રચલિત હતા, તે દ્વારા તેમને કયો અર્થ અભિપ્રેત હતો, હિતોપદેશ, પંચતંત્રની નીતિકથાઓ, જાતક કથાઓ આદિમાં કયા પ્રકારની કથાઓનો સમાવેશ કરવામાં આવતો, આદિની ચર્ચા કરી આજની "ટૂંકી વાર્તા" નું સ્વરૂપ પાશ્ચાત્ય પરંપરાના પ્રભાવ હેઠળ રચાયું તે જોયું. પાશ્ચાત્ય પરંપરામાં ફ્રેન્ચ, જર્મન, ઇટાલિયન, લેટિન અને અંગ્રેજી એમ વિવિધ ભાષામાં "વાર્તા" માટે કઇ સંજ્ઞાઓ વપરાતી તેની ચર્ચા કરી. પાશ્ચાત્ય પરંપરામાં ફેબલ, પેરેબલ અને મિથ દ્વારા ત્યાંની કથનકલાનો પ્રવાહ વહયો તે જોયું.

સ્વરૂપની ચર્ચા કરતી વખતે પાશ્ચાત્ય પરંપરાના મુખ્ય કલા-

વિચારકોના મતમતાંતરોની ચર્ચા કરી અને ટૂંકી વાર્તાનું વર્તમાન સ્વરૂપ કઇ રીતે ઘડાયું તેનો ખ્યાલ મેળવ્યો.

સંદર્ભમૂલક વિચાર કરતી વખતે ચાર પ્રકારના જીવન સંદર્ભોને તપાસ્યા: (૧) મિથ મૂલક સંદર્ભ (૨) ધર્મ અને નીતિ મૂલક સંદર્ભ.(૩) અર્થ અને કામ મૂલક સંદર્ભ અને (૪) વિશૃંખલ વાસ્તવનો સંદર્ભ. આ ચારે સંદર્ભમાં જીવન અને કથનકલા કઇ કઇ રીતે જોડાય છે તેની મીમાંસા કરી.

અર્વાચીન ભારતીય નવલિકાના સ્વરૂપને ઘડનારી પાશ્ચાત્ય પરંપરાના કલાવિચારકોના મતમતાંતરોની ચર્ચા કરી. અંતે એ બિંદુની સ્થાપના કરી કે વર્તમાન લેખકનો વિષય છે - વિષણ્ણ અને વિશૃંખલ માનવજીવન, તેમની સમસ્યાઓ અને સંઘર્ષ તેમ જ જો કવચિત પ્રાપ્ત થઇ શકે તો આ સંઘર્ષનું સમાધાન.

## પ્રકરણ - ૨

આ પ્રકરણ આ શોધનિબંધની શોધપધ્ધતિની સ્પષ્ટતા કરતું પ્રકરણ છે. તુલનાત્મક સાહિત્ય એટલે સાહિત્યના અભ્યાસની તુલનાત્મક પધ્ધતિનો આ પ્રકરણમાં ખ્યાલ મેળવ્યો. તુલનાત્મક વિચારના અધ્વર્યુ ઇટાલિયન કવિ દાન્તે મનાય છે. ફ્રેન્ચ વિદુષી મેડમ સ્ટેઇલે જર્મનના સાંસ્કૃતિક વિકાસમાં રસ લીધો, અને તેના લેખથી જ તુલનાત્મક સાહિત્ય વિચારનો યુરોપમાં શુભારંભ થયો એમ મનાય છે. ગ્યુઇથે સાહિત્યની વ્યાપારની જેમ આદાન-પ્રદાન થવું જોઇએ, એમ માનતા હતા. એમનો આદર્શ વિશ્વસાહિત્યનો હતો. બીજી બાજુ રવીન્દ્રનાથ ટાગોર પણ " યત્ર વિશ્વમ્ ભવત્યેકનીડમ"-ના આદર્શથી પ્રેરાય છે.તુલનાત્મક સાહિત્યની......

3.

ચેંડલરે, હેન્રી રેમાક, ગ્યાં - મારી - કાર આદિની વ્યાખ્યાઓ તપાસી. તુલનાત્મક સાહિત્યના ફ્રેન્ચ અભિગમ અને અમેરિકન અભિગમ એમ બે પ્રકારના અભિગમ જોવા મળે છે. ફ્રેન્ચ અભિગમ સાહિત્યના ઈતિહાસનો મહિમા કરે છે, જ્યારે અમેરિકન અભિગમ પ્રમાણે સાહિત્યનું અન્ય વિદ્યાશાખાઓના બૃહદ્ સંદર્ભોમાં થતું અધ્યયન. આ બે પ્રકારના તુલનાત્મક સાહિત્ય વિશેના અભિગમનો ખ્યાલ મેળવ્યો. આ શોધનિબંધની શોધ-પદ્ધતિમાં બે ભાષાઓની નવલિકાની તુલના કરવામાં આવી છે. અને, બંને ભાષાઓની નવલિકાઓનો એમના બૃહદ્ જીવન સંદર્ભે, અન્ય વિદ્યા-શાખાઓના સંબંધે પણ વિચાર કરવામાં આવ્યો છે.

## પ્રકરણ - 3

ત્રીજા પ્રકરણમાં ગુજરાતી અને હિન્દી નવલિકાઓનો ઉપર જણાવેલા બંને અર્થમાં તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે. ત્રીજા પ્રકરણને ત્રણ ખંડમાં વહેંચી દીધું છે: પહેલા ખંડમાં માનવના બાહ્ય વાસ્તવ-સામાજિક/આર્થિક વાસ્તવને તપાસવાનો ક્રમ રાખ્યો છે. હિન્દી અને ગુજરાતી પરંપરાના અનુક્રમે પ્રેમચંદ અને જયંત ખત્રીની વાર્તાઓથી માનવના આર્થિક વાસ્તવને સમજવાની શરૂઆત કરી છે. આ બે લેખકો ઉપરાંત સુરેશ જોષી, જદુભાઈ પનિયા, ચંદ્રકાંત બક્ષી, રમેશ બક્ષી, મોહન રાકેશ વગેરે લેખકોની સફળ નવલિકાઓની આર્થિક વાસ્તવના અનુષંગે ચર્ચા કરવામાં આવી છે, એ ઉપરાંત સમાજમાં વ્યાપ્ત જડસુ અમલદારશાહી, તુમારશાહી અને શોષિતોની લાચારીનું દર્શન કરાવતી મોહન રાકેશ, હરિશંકર પરસાઈ, પ્રેમચંદ, અવિનાશ શાસ્ત્રી, ભીષ્મ સાહની વગેરે લેખકોની વાર્તાઓ તપાસી. આર્થિક વાસ્તવથી બાળકો પણ મુક્ત નથી રહી શક્યાં. મધુ રાય, રામદરશ મિશ્ર, કમલ ગુપ્ત વગેરે લેખકોની વાર્તાઓ એ સત્ય સમજાવે છે.

ખંડ ૧ ના (આ) ખંડમાં ગ્રામીણ પરિવેશમાં સામાજિક/આર્થિક વાસ્તવને તપાસવાનો ઉપક્રમ રાખ્યો છે. ગત દાયકામાં નવલિકામાં ઉપસી આવેલું દલિત સાહિત્યનું / દલિત વાર્તાઓનું મોજું પણ આ તપાસથી બાકાત નથી રહ્યું. દલિત તેમ જ અન્ય ધારાના રમાકાંત, વિકાસકુમાર ઝા, આશિષ સિંહા, કમલેશ્વર, અવધેશ પ્રીત, રઘુવીર ચૌધરી, અજિત ઠાકોર,

ઘનશ્યામ દેસાઈ, ભરત નાયક, મોહન પરમાર, હરીશ મંગલમ, જોસેફ મેકવાન, વગેરેની વાર્તાઓનાં ઉદાહરણો દ્વારા, તેમની વિશદ ચર્ચા દ્વારા માનવના સામાજિક/આર્થિક વાસ્તવને ગ્રામીણ પરિવેશમાં જોયો.

ખંડ ૨ માનવના સામાજિક વાસ્તવ - માનવના ભીતરી સંબંધોની ચર્ચા કરે છે. કુટુંબના સંબંધો, સ્ત્રી-પુરુષ, પતિ-પત્ની માતા પિતા, બાળકો આદિના સંબંધોના ખ્યાલો વર્તમાન સમયમાં કેવા બદલાઈ ગયા છે, આ બદલાયેલા ખ્યાલો માનવીના જીવનને કેટલી એકલતા અને વિચ્છિન્નતા બક્ષે છે, તે આ વાસ્તવની ગુજરાતી-હિન્દી વાર્તાઓ દ્વારા સમજવાનો પ્રયત્ન કર્યો છે. સુરેશ જોષી, ઈલા આરબ મહેતા, સરોજ પાઠક, ગુલાબદાસ બ્રોકર, ઉષા પ્રિયંવદા, જ્ઞાનરંજન, ભીષ્મ સાહની, કમલેશ્વર આદિ નવલિકાકારોની નવલિકાઓ કુટુંબના જુદા જુદા સંબંધોની ચર્ચા વખતે તપાસી જોઈ. આ સંદર્ભે એમ જણાયા વગર રહેતું નથી કે બાહ્ય વાસ્તવ તરફ ગુજરાતીની તુલનાએ હિન્દી વાર્તાઓનો ઝોક પ્રમાણમાં વધારે રહ્યો છે.

ખંડ ૩ માં માનવના આંતર વાસ્તવ - મનોવાસ્તવને સમજવાનો ઉપક્રમ રહ્યો છે. મનો વાસ્તવનાં આ ખંડમાં માનવ અસ્તિત્વના પ્રશ્નોની છણાવટ પણ કરવામાં આવી છે. તે સાથે આધુનિક નવલિકામાં જોવા મળતા પ્રતીક, કલ્પન, કપોલ-કલ્પિતના પ્રયોગોની પણ ચર્ચા કરી છે. માનવ મનના સંકુલ ભાવોને ઊંડાણથી સમજી તેને કલાકીય રીતે કેટલાક ગુજરાતી-હિન્દી લેખકો વ્યક્ત કરી શક્યા છે, તો બીજી બાજુ કેટલાક નબળા સર્જકો આ નથી કરી શક્યા, તેઓ મનોરુગ્ણતાનું આલેખન કરી અટકી જાય છે. તેમનું આલેખન એક "કેસ હિસ્ટ્રી" બનીને રહી જાય છે. એ જ રીતે, રૂપનિર્માણનું, આકારનું મહત્ત્વ નવલિકામાં શું છે, તે પણ આ વાસ્તવની ચર્ચા કરતી વખતે સમજ્યું છે. પ્રતીક, કલ્પન, કપોલ-કલ્પિત કે સંકેતો વાર્તાને કેવો ઉઠાવ આપી શકે છે, અને તેના દ્વારા વાર્તાની સંરચના કેટલી સબળ બને છે તેનો ખ્યાલ પણ અહીં મળે છે. જૈનેન્દ્ર, ઈલાચન્દ્ર જોષી, મધુ રાય, સુરેશ જોષી, ચન્દ્રકાંત બક્ષી, કમલેશ્વર, સરોજ પાઠક, નિર્મલ વર્મા, જ્ઞાનરંજન આદિ લેખકોની કૃતિઓનાં ઉદાહરણ દ્વારા ઉપર ચર્ચા કરી તે મુદ્દાઓ સમજી શકાય છે.

Conclusion

## ઉપસંહાર

સ્વાતંત્ર્યોત્તર ટૂંકી વાર્તામાં ત્રણ લહેરો જોવા મળી છે:

(૧) ઘટના તત્ત્વનો લોપ અથવા ઘટનાહ્રાસ સુધી પહોંચી માનવ અસ્તિત્વના પ્રશ્નો, મૃત્યુબોધ આદિની ચર્ચા પ્રતીક, કલ્પન અને કપોલકલ્પિતની મદદથી, ટેકનિકને આધારે, કરી નવલિકાનું ઘાટઘડતર કરતી નવલિકાઓ. આ ધારામાં બંને ભાષાઓની કેટલીક ઉત્તમ નવલિકાઓનું સર્જન થયું, તો બીજી તરફ પ્રયોગશીલતાને નામે ક્યાંક ક્યાંક ફેશનપરસ્તીની નબળાઈ પણ આ જ લહેરની મર્યાદા બની ગઈ.

(૨) સમાંતરે ચાલતી ઘટના તત્ત્વનો સહારો લઈ પરંપરાગત-રૂઢ વાર્તાઓની જેમ લખાતી નવલિકાઓ પણ આધુનિક માનવની એકલતા, વિચ્છિન્નતા, મૃત્યુભય, સંત્રાસ આદિની છણાવટ આ નવલિકાઓ પોતીકી રીતે કરે છે.

(૩) દલિત સાહિત્યની આ ત્રીજી લહેરમાં કહેવાતી પરિષ્કૃત વાર્તાઓ કે દલિત જીવનની વાર્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. અહીં પણ લોકબોલી કે જાનપદી બોલીના પ્રયોગો માત્રથી વાર્તા બનાવવી કે ફેશનપરસ્તી તરફ ઢળતી વાર્તાઓ આ લહેરની મર્યાદા બની જાય છે.

આ ત્રણેય લહેરોની વાર્તાઓ, તેમની લાક્ષણિકતાઓના પરિપ્રેક્ષ્યમાં એટલું જ કહેવાનું રહે છે કે તુલનાત્મક દૃષ્ટિએ વિચારતાં માનવના બાહ્ય વાસ્તવ તરફ ગુજરાતી વાર્તાઓનો ઝોક વધુ રહ્યો છે. તે ઉપરાંત રૂપનિર્મિતિના પ્રશ્ને પણ હિન્દી વાર્તાકારો તુલનાત્મક રીતે થોડા ઊંડા ઊતર્યા હોય એવું લાગે છે. અંતે, બંને ભાષાઓની ઉત્તમ નવલિકા કૃતિઓને સાથે જોઈએ, અને બૃહદ ભારતીય વાસ્તવના સંદર્ભો જોઈએ, ત્યારે ભાષાઓને ઓળંગીને આવતી ભારતીય નવલિકાનું દર્શન પણ ભાવક કરી શકે છે, એની નોંધ સાથે આ અંશનો અંત આવે છે.

—X—